# 11. શિકારીને

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) પંખીને પામવા કવિ શું કરવાનું કહે છે?

(A) પંખીનો શિકાર કરવાનું

(B) તીર ચલાવવાનું

(C) માળો બનાવવાનું

(D) પંખીનાં ગીતને સાંભળવાનું

2) કવિ નીચેનામાંથી કયો સંદેશો આપે છે?

(A) સંહાર કરવાનું રહેવા દે.

(B) તું ક્રૂર બન.

(C) તારે સુંદર બનવાની જરૂર નથી.

(D) પ્રકૃતિનો તું નાશ કર.

2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો:

1) કવિની દૃષ્ટિએ પક્ષી કયાં મળશે?

- કવિની દૃષ્ટિએ પક્ષી તેનાં મધુર ગીતામાં મળશે; પોતાના પ્રભુ સાથે શોધનારના હૈયામાં મળશે.

2) શું કરવાથી પક્ષીનું માત્ર સ્થૂળ શરીર જ મળે છે?

- શિકાર કરવાથી પક્ષીનું માત્ર સ્થૂળ શરીર જ મળે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

### 1) સૃષ્ટિનું સૌંદર્ય કવિને ક્યાં ક્યાં જોવા મળે છે?

- કવિ કહે છે કે આ સમગ્ર સૃષ્ટિ એ સંતોનો આશ્રમ છે. સૃષ્ટિનું સૌંદર્ય કવિને પંખીઓ, ફૂલો, વેલાઓ, ઝરણાં, વૃક્ષો વગેરે પ્રકૃતિતત્ત્વોમાં જોવા મળે છે.

### 2) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે?

- કવિ શિકારીને કહે છે કે પક્ષીનો શિકાર કરવાથી  કેવળ તેનું મૃત શરીર મળે છે. જો તારે પક્ષીને પામવું હોય, એના સૌંદર્યને માણવું હોય તો ક્યાંક છુપાઈને તેનાં મધુર ગીત સાંભળ. એનાથી પક્ષી તેના પ્રભુ સાથે તારા હૈયામાં વાસ કરશે.

## 4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો:

### 1) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે?

- 'શિકારીને' સોનેટમાં કવિ કલાપી શિકારીને શિખામણ આપે છે કે હે શિકારી, તું સંહાર કરવાનું છોડી દે. પક્ષીનો શિકાર કરવાની ક્રૂરતા તને શોભતી નથી. આ વિશ્વ સંતોનો આશ્રમ છે. એમાં પંખીઓ, ફૂલો, લતા, ઝરણાં, વૃક્ષો વગેરે અનેક પ્રકૃતિતત્ત્વોનું સૌંદર્ય સમાયેલું છે. એના તરફ ક્રૂર દૃષ્ટિ રાખવી એ તને શોભતું નથી. પક્ષીનો શિકાર કરવાથી તને કેવળ તેનું મૃત શરીર મળશે. તારે એના સૌંદર્યને માણવું હોય તો ક્યાંક છુપાઈને તેનાં મધુર ગીત સાંભળ. એનાથી પક્ષી તેના પ્રભુ સાથે તારા હૈયામાં વાસ કરશે. સૌંદર્યને વેડફી દેવાથી તેની સુંદરતા નાશ પામે છે. સૌંદર્ય માણવું હોય તો સૌંદર્યને માણવા માટેની દૃષ્ટિ કેળવ. સૌંદર્ય માણવું એ પ્રભુ સાથેનું જોડાણ છે. સૌંદર્યનું જતન કરવાથી, તેનો આદર કરવાથી પ્રભુનો આનંદ માણી શકાય છે. આ વિશ્વમાં ચારે બાજુ આર્દ્રતા છવાયેલી છે. એમાં આપણે પણ સાથ આપીએ તો એમાં આપણું જ ભલું છે.

## 5. નીચેની કાવ્યપંક્તિ સમજાવો:

"સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે."

- સંતોના આશ્રમરૂપી આ સમગ્ર વિશ્વમાં ઠેરઠેર સૌંદર્ય પથરાયેલું છે. એ સૌંદર્યનો નાશ કરવાથી એમાં રહેલી સુંદરતાને આપણે નષ્ટ કરીએ છીએ. એ સૌંદર્યને આપણે વેડફી દેતા હોવાથી તેને માણી શકતા નથી. ખરેખર જો સૌંદર્યને માણવું હોય તો સૌથી પહેલાં સૌંદર્યદૃષ્ટિ કેળવવી પડે, આપણે પોતે પહેલા સુંદર બનવું પડે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in